**વડીલોને વંદન અભિનંદન**

**આજે જન્મદિવસ**



નંદબાળાબેન એન.સુરતી (૧૯૩૭) ફોન : ૩૨૦૬૦૩૦૮

# દિવાળીની અનોખી ઉજવણી કરતું દાંત કરોડી ગામ નવો રાહ ચીંધે છે

## મહેસાણા નજીક આવેલા આ ગામના અન્યત્ર વસેલા સો જેટલા પાટીદાર પરિવારો દિવાળી-બેસતાવર્ષની ઉજવણી ગામમાં સાથે મળીને કરે છે

ગાંધીનગર, તા.૫


અંધકારથી ઉજાસ તરફ લઈ જતાં મહાપર્વ દિવાળીની ઉજવણી આપણે ત્યાં ખુબ ધામધૂમથી થાય છે, જો કે તેમાં ઉષ્મા અને આત્મીયતા પહેલાં જેટલી નથી રહી. પ્રત્યાયનના સાધનો વધ્યાં છે પરંતુ સ્નેહીઓ સાથેનું પ્રત્યાયન ઘટયું છે. મિત્રો, સગા સંબંધીઓની હુંફ એટલે શું તે નવી પેઢી જાણી શકે તે માટે દિવાળી અને બેસતા વર્ષની સામુહિક ઉજવણીનું આયોજન કરી દાંતકરોડી ગામે એક આગવું ઉદાહરણ પુરું પાડયું છે. મહેસાણા પાસે આવેલા પંદર ગામ કડવા પાટીદાર સમાજની બહુમતી વસતી ધરાવતા દાંતકરોડી ગામમાં છેલ્લા ચાર વર્ષથી દિપાવલી નૂતન વર્ષનું સામુહિક આયોજન થાય છે. આ દરમિયાન આખું ગામ એક જ રસોડે જમે છે. સંબંધોને નવા સ્વરૂપ આપવાના આ અનોખા પ્રયોગની હવે ગુજરાતભરમાં ચર્ચાઓ થઈ રહી છે.

આધુનિક જીવનશૈલી તરફના માનવીના અભિગમના કારણે માનવ પ્રવાહ વતન છોડીને વિકાસ માટે શહેર ભણી કે પરદેશ તરફ જઈ રહ્યો છે. એક વખત માનવીય ચહલ પહલથી ધબકતું ગ્રામ્ય જીવન ધીરે ધીરે તેની ઓળખ ગુમાવતું જાય છે. વતન છોડીને શહેરોમાં કે પરદેશમાં સ્થાયી થયેલા લોકો માટે તેમનું શહેર કે પરદેશ જ વતન બની ગયું છે ત્યારે ગામડાં સાવ સુનાં લાગે છે. ગામડાના વિકાસ માટે બુદ્ધિશાળી, પ્રતિભાશાળી, કાર્યશીલ તથા દાનવીર લોકોની ભાગીદારી ખૂબ જ જરુરી છે. ગામડા છોડીને કહેવાતું બુદ્ધિધન શહેરોમાં ઘસડાઈ રહ્યું છે અને ગામડાં જયારે નિઃષ્પ્રાણ બની રહ્યાં છે ત્યારે વતન છોડીને ગયેલા લોકોને વતનની યાદ તાજી કરાવીને તેમની શકિતઓને ગ્રામ વિકાસના કાર્યમાં લગાડવાની તાતી જરુરીયાત છે. આ દિશામાં દાંતકરોડી ગામે પહેલ કરી છે.

દાંતકરોડી ગામ એ પાટણ જિલ્લાનું મહેસાણા રાધનપુર હાઈવે પર મહેસાણાથી ૨૦ કિ.મી.ના અંતરે આવેલું નાનકડું ગામ છે. આ ગામમાં પાટીદાર સમાજના ૧૧૦ ઘર છે. જેમાંથી ૯૦ પરીવારો ગામ છોડીને નોકરી ધંધા માટે અન્ય શહેરોમાં કે પરદેશ ચાલ્યા ગયા પછી આથી ગામ સાવ ખાલી અને સુનું લાગે છે. કેટલાક લોકો તો ભાગ્યે જ ગામમાં આવે છે. ત્યારે ગામના વિકાસની દોર તૂટી ન જાય અને નવી પેઢી ગામથી વિમુખ ન થઈ જાય તે હેતુથી વતન પ્રેમની જયોત જલતી રહે તે હેતુથી ગામમાં છેલ્લા ચાર વર્ષથી દિપાવલી-નૂતનવર્ષ પર્વ સામૂહિક ઉજવણી કાર્યક્રમનું આયોજન થાય છે. જેમાં ૧૦૦ જેટલા પરિવારો દિવાળીના ચાર દિવસ એક જ રસોડે સામુહિક ભોજન લે છે.

સામાન્ય રીતે દિવાળીની રજાઓમાં મોટાભાગના પ્રવાસ અને પર્યટનમાં જતા હોય છે અને હોટલની ચાર દિવાલોમાં કુટુંબના એ જ ચાર પાંચ સભ્યોની વચ્ચે નિરસ દિવાળીની મજા લેતા હોય છે ત્યારે પરિવારો વચ્ચે પ્રેમ અને વિશ્વાસ વધે, નવી પેઢી એક બીજાથી પરિચિત થાય તથા આ ગામ છોડીને વિકાસ માટે ગયેલા વડીલો એ કેવા સંઘર્ષ વચ્ચે પ્રગતિ કરી તેની ગાથા નવી પેઢીને મળે તે માટે આ પ્રયત્ન કરાયો છે.

ત્રણ સામુહિક દિવાળીના કાર્યક્રમોને મળેલી સફળતા બાદ આ વર્ષે ચોથી વાર સામુહિક દિપાવલીનો કાર્યક્રમ યોજાશે. ગુજરાતમાં આ પ્રકારનો પ્રથમ પ્રયોગ છે. જે અન્ય ગામોને પ્રેરણા આપી નવતર રાહ ચીંધે છે. આ વર્ષે ગામની તમામ બહેનોને ભાઈબીજના દિવસે તેડાવી બેટી બચાવો કાર્યક્રમનું આયોજન કરાયું છે.



દહેગામ તાલુકાના ઝાક મુકામે તા.૪/૧૧/૨૦૧૨ને રવિવારના રોજ રબારી સમાજની નવીન સેવાકીય સંસ્થા "વિહોતર યુવા ગૃપ ઓફ ગુજરાત"નો ઉદ્દ્ઘાટન સમારોહ યોજાયો. જે પ્રસંગે રબારી સમાજની ગુરૂગાદી મહંતશ્રી ગણેશદાસજીના અધ્યક્ષ સ્થાને તેમજ આમંત્રિત ભુવાજીશ્રીઓ અને મહેમાનો તથા કમિટીના સભ્યો દ્વારા સમાજની અંદર શિક્ષણનો વ્યાપ વધારવા માટેની પ્રવૃત્તિઓની શુભ શરૂઆત થઈ.

## કડી પી.ટી.સી. કોલેજમાં સરદાર જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત એસ.વી. પી.ટી.સી. કોલેજ કડીમાં તાજેતરમાં સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતિ અને ઈન્દિરા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે વિશિષ્ટ વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કડી પી.ટી.સી. કોલેજમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૭મી જન્મ જયંતિ નિમિત્તે કોલેજના આચાર્ય ડૉ. બાબુભાઈ પટેલે સરદાર વલ્લભભાઈના જીવન મૂલ્યોને રજૂ કર્યા હતા તથા ઈન્દિરા ગાંધીના ૨૮મા નિર્વાણદિન નિમિત્તે પણ તેમના જીવનના આદર્શો, વિશિષ્ટતાઓને ઉત્તમ શૈલીમાં રજૂ કરી હતી.

## રોટરી ક્લબ સીટી દ્વારા અનાજ સહિત મિષ્ઠાનનું વિતરણ કરાયું

પાલનપુર, તા. ૫

પાલનપુરમાં વસતા જરૂરિયાતમંદ પરીવારો દિવાળીપૂર્વની સારી રીતે ઉજવણી કરી શકે તેવા ઉમદા આશયથી પાલનપુર સીટી રોટરી ક્લબ દ્વારા ગરીબ પરિવારોને અનાજ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગરીબ પારિવારોને મદદરૂપ બનવા દર મહિનાના પહેલા રવિવારે અનાજનું વિતરણ કરવામાં આવે છે. દિવાળીનું પર્વ નજીકમાં હોઈ ગરીબ પરિવારો આ પર્વની ઉમંગભેર ઉજવણી કરી શકે તે માટે આજે રોટરી હોલ ખાતે અનાજ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રોટરી ક્લબ પાલનપુર સીટીના પ્રમુખ મહેશભાઈ એ. પટેલ, ડૉ. જયેશ બાવીશી, દાતાશ્રી શ્રેણીકભાઈ શાહ, રોટરીયન સભ્યોના વરદહસ્તે ગરીબ પરિવારોને અનાજ મિષ્ઠાન સહિતની વિવિધ ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)



## ડીસા શિવનગરના માર્ગો પરના દબાણો હટાવાયા

ડીસા શહેરના શિવનગર વિસ્તારમાં પાલિકાતંત્ર એ જેસીબી મશીન સાથે કાચા પાકા દબાણ હટાવવાનો આરંભ કરતા દબાણદારોમાં ફફડાટ મચી જવા પામ્યો હતો. ડીસા શહેરમાં શિવનગર વિસ્તારમાં ટ્રાફીકને અવરોધક દબાણો હટાવવા માટે નગરપાલિકાનો કાફલો પહોંચી ગયો હતો. જેમાં નાયબ કલેકટર સિંઘાડા પણ હાજર રહ્યા હતા. દબાણ હટાવ દરમિયાન શિવનગર ચાર રસ્તા પાસે આવેલ હનુમાનજીની દેરી પણ તોડી પડાઈ હતી જયારે બાજુમાં આવેલ એક પ્રાઈવેટ ઓરડી પણ ધરાશયી કરવામાં આવી હતી. આમ કાચા પાકા દબાણ તોડી રસ્તો પહોળો કરતા લોકોમાં આનંદની લાગણી પ્રવર્તી હતી. દબાણ હટાવ દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે શહેર પોલીસ મથકનો કાફલો ઘટના સ્થળે ગોઠવાયો હતો.

## કલોલ શહેરમાં ઠંડીથી ઠુંઠવાઈ જવાથી ૬૦ વર્ષીય વૃદ્ધનું મૃત્યુ

કલોલ, તા. ૫


કલોલ શહેરના ટાવર ચોકના બગીચામાંથી વહેલી સવારે ૬૦ વર્ષીય વૃદ્ધનો મૃતદેહ બિનવારસી હાલતમાં મળી આવ્યો હતો. કલોલ સી.ટી. પોલીસને આ મામલે જાણ થતા મૃતદેહને પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી છે. તબીબી સૂત્રોના જણાવ્યા મુજબ વૃદ્ધનું મૃત્યુ ઠંડીથી ઠુંઠવાઈ જઈને થયું હોવાની આશંકા છે. કલોલ શહેર ટાવર ચોક વિસ્તારમાં આવેલા બગીચામાંથી વહેલી સવારે મૃતદેહ મળી આવતા સ્થાનિક રહિશો દ્વારા કલોલ સીટી પોલીસને જાણ કરાતા કલોલ સી.ટી. પોલીસે તેની અકસ્માતે મૃત્યુ થયાથી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૃતકની ઓળખ માટે પોલીસે ખિસ્સા ફંફોસ્યા પરંતુ તેની ઓળખ તથા તેવા કોઈ આધાર-પુરાવા મળી આવ્યા ન હોતા. બિનવારસી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી પોલીસે તેના વાલીવારસ શોધવા તજવીજ હાથ ધરી હતી.


# પાલનપુરના જાહેર સ્થળ સમા એસ.ટી. બસ સ્ટેન્ડમાં જ આદર્શ આચારસંહીતાનો થતો છડેચોક ભંગ

## દિવાલો પરના રાજકીય લખાણ સામે તંત્રના આંખ આડા કાન

પાલનપુર, તા. ૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતાની સાથે જ ચૂંટણી પંચની આદર્શ આચાર સંહિતા અમલી બની છે. જેના કારણે જિલ્લા પ્રસાસન આદર્શ આચાર સંહિતાના કડક અમલ માટે કટીબદ્ધ બન્યું છે. જો કે પાલનપુર શહેરના જાહેર સ્થળસમા બસ સ્ટેન્ડ વિસ્તારમાં આજે પણ આદર્શ આચાર સંહિતાનો છડેચોક ભંગ થતો જોવા મળી રહ્યો છે. પાલનપુર શહેરના નવીન બસ સ્ટેન્ડ સામે જુનુ પુરાણુ એસ.ટી. પીકઅપ સ્ટેન્ડ આવેલું છે. ગ્રામીણ એસ.ટી. બસના રૂટ માટેના આ જરી-પુરાણા બસસ્ટેન્ડ સહિત એસ.ટી. બસ સેન્ડ વિસ્તારની દિવાલો પર આજે પણ રાજકીય સુત્રોનું ચિતરામણ જોવા મળે છે. એસ.ટી. બસ સ્ટેન્ડની દિવાલ પરના રાજકીય સુત્રોવાળા લખાણો પર કુચડો મારવામાં જિલ્લા પ્રશાસન ઉણુ ઉતર્યુ છે. કે આંખ આડા કાન કરાયા છે ? તે પ્રશ્નો ચર્ચાસ્પદ બન્યા છે. આમ એસ.ટી. બસ સ્ટેન્ડ પરની દિવાલો પરના રાજકીય લખાણો આદર્શ આચારસંહિતાનો ભંગ કરી રહ્યા છે. રોજના હજારો-લાખ્ખો મુસાફરે આ રાજકીય સુત્રોચ્ચારનું વાંચન કરી રહ્યા છે. પરંતુ જીલ્લામાં ચૂંટણી પંચને શું આ રાજકીય લખાણ ધ્યાને આવ્યા નહી હોય ? તે પ્રશ્ન ચર્ચાની એરણે ચડી રહ્યો છે. ત્યારે જિલ્લાનું પ્રશાસન પક્ષપાત વિના તાકીદે ચૂંટણી પંચની ગાઈડલાઈન પ્રમાણે આદર્શ આચારસંહિતાનો અમલ કરાવી એસ.ટી.બસ સ્ટેન્ડ જાહેર સ્થળોની દિવાલ પર લખેલા રાજકીય સુત્રો પર કુચડો મરાવે તેવી માંગ ઉઠી છે.




(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)



## ડાંગીયા ષોડસી ભંડારા મહોત્સવમાં મહંતની ચાદર વિધી યોજાઈ

પાલનપુર તાલુકાના ડાંગીયા ગામને તપોભુમી બનાવનાર આવાહન અખાડાના સભાપતિ પરમપૂજ્યશ્રી બદરીપુરીજી મહારાજ તા. ૧૧-૧૦-૧૨ના રોજ બ્રહ્મલીન થતા તેમના પાછળ ગ્રામજનો દ્વારા ભંડારો યોજવામાં આવ્યો હતો. તાજેતરમાં ભંડારા મહોત્સવમાં ચાદરવિધી બાકી હતી જે આજે સંતો મહંતો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં ધાર્મિક વીધિ મુજબ ભંડારો મહોત્સવ સંપન્ન કરવામાં આવ્યો હતો. ડાંગીયા ગામે શ્રી ગોપાલપુરીજી મહારાજના મંદિરની પાવન જગ્યા ઉપર પ.પૂ. શ્રી બદરીપુરીજી મહારાજની યાદમાં ષોડષી ભંડારો મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજે મહંત સભાપતિ શ્રી બદરીપુરીજી બાપુના શિષ્ય શ્રી મહંત આત્માનંદ પુરીજીના મહારાજના શિષ્ય શ્રી મહંત અયર શ્રદ્ધાનંદજી મહારાજને અનુગામી તરીકે ચારવિધી કરવામાં આવી હતી. આ પ્રસંગે દુરદુરથી આવેલ સાધુ સંતોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભંડારા મહોત્સવને સફળ બનાવ્યો હતો. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

## ખેડબ્રહ્માના બોરડી ગામેથી રૂ. ૮૯૦૦નો દારૂ પકડાયો

ખેડબ્રહ્મા, તા.૫

ખેડબ્રહ્મામાં પોલીસે બાતમીના આધારે આજે વહેલી સવારે બોરડી ગામે એક બંધ મકાનમાં રેડ કરી કુલ રૂ. ૮૯૦૦નો દારુ ઝડપી પાડયો હતો.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ખેડબ્રહ્મા તાલુકાના બોરડી ગામે રહેતા સુરેશભાઈ સવજીભાઈ બુવાડીયાના મકાનમાં વગર પાસ પરમીટે પોતાના રહેણાંકમાં વિદેશી દારુ બીયરની ૧૧૦ નંગ બોટલો પડી છે તેવી નકકર હકિકત ખેડબ્રહ્મા પોલીસને મળતા તેઓએ બાતમી સ્થળે દરોડો પાડી ૧૧૦ નંગ દારુની બોટલ કિં. રૂ. ૮૯૦૦ના મુદ્દામાલ સાથે સુરેશભાઈની અટકાયત કરી તેના વિરુધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## કાસમબાપુની માગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રજુ નહિ કરવામાં આવતું હોવાનો આક્ષેપ કરતાં તેમણે જણાવ્યું હતું કે સ્થાનિકોની અવગણના પક્ષને ભારે પડશે.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અને ગુજરાત સરકારનાં બે વખત કેબીનેટ મંત્રી રહી ચુકેલા શ્રી કાસમબાપુ તીરમીઝીએ જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં અને ગુજરાત રાજ્યમાં ટુંક સમયમાં વિધાનસભાની ચૂંટણીઓ થવાની છે. ત્યારે જો પક્ષનાં મોભી અને પ્રદેશનાં આગેવાનો, ટિકિટની ફાળવણી કરવામાં ધ્યાન નહિ રાખે તો જે બેઠકો કોંગ્રેસ જીતી શકે તેમ છે તે બેઠકો ગુમાવાનો વારો આવશે. આપ સુવિદીત છો જ કે જિલ્લાનાં જ વતની, એવા ઘણા સારા એવા કાર્યકરોએ જિલ્લાનાં જ મતવિસ્તારમાં ટિકીટ માટે માંગણી કરેલી છે. જો આવા સ્થાનિક વતની અને જિલ્લાનાં પ્રમાણિક અને નિષ્ઠાવાન કાર્યકરોની ટિકિટ આપવામાં નહિ આવે તો જીતવાની બેઠકો ગુમાવાનો વારો આવશે. ગાંધીનગર જિલ્લામાં બહારનાં વતની એવા ઘણા કાર્યકરોએ જિલ્લાને ન ધણીયાતો સમજી ટિકિટની માંગણી કરેલી છે અને જિલ્લા બહારના લોકોએ જાણે ધારાસભાની ટિકીટ મેળવવા માટે જિલ્લા પર સીધું આક્રમણ કર્યુ હોય તેવી સ્થિતિ ઉપસ્થિત થઈ હોય તેમ લાગે છે. તેવી જિલ્લાના તમામ નિષ્ઠાવાન અને પ્રમાણિક કાર્યકરો અને મારી પોતાની પણ આ જ લાગણી છે. જેમાં રાજ્યનાં કોંગ્રેસના આગેવાનો અને કોર સમિતિ સહેજ પણ ભુલ કરશે તો પક્ષને બહુ મોટુ નુકશાન થશે.

આ અંગે મે ગુજરાત કોંગ્રેસ સમિતિનાં પ્રમુખશ્રી અર્જુનભાઈ, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષનાં નેતા શ્રી શક્તિસિંહભાઈ, કોર કમીટીનાં ચેરમેનશ્રી શંકરસિંહભાઈ અને ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી કક્ષાએ શ્રી સી. પી. જોષી રેલવે મંત્રીશ્રી અને ઈન્ચાર્જ વિધાનસભા ચૂંટણી તેમજ ગુજરાતનાં ઈન્ચાર્જ શ્રી મોહન પ્રકાશજી તેમજ ભાઈશ્રી એહમદભાઈ પટેલ શ્રીમતી સોનીયાજીનાં રાજકીય સલાહકાર વિગેરેને ખુબ જ ભારપૂર્વક જિલ્લા બહારનાં વતની ન હોય તેવા એક પણ કાર્યકરને ધારાસભાને ટિકીટ ફાળવવા સામે સખત વિરોધ વ્યક્ત કરતો તા. ૨૨-૧૦-૨૦૧૨ના રોજ પત્ર પાવેલ છે અને તેમને બધાને આ વિષય ઉપર અંગત રીતે ધ્યાન આપી જિલ્લાનાં નિષ્ઠાવાન અને પ્રમાણિક કાર્યકરોને અન્યાય ન થાય તે જોવા ખાસ ભાર મુકેલ છે.

આપશ્રી સુવિધીત છો જ જિલ્લામાં ૬૫ ટકા ઉપરાંત વસ્તી ઠાકોરભાઈઓની છે, જેમણે અનેક વખત ટિકીટ માંગવા છતાં ઘોર અન્યાય કરેલો છે. આ ઠાકોર સમાજ હંમેશા તમામ ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષ સાથે રહ્યો છે. આ સમાજમાં પણ ઘણા નિષ્ઠાવાન અને પ્રમાણિક કાર્યકરો ટિકીટની માંગણી કરેલી છે. સાથે સાથે જિલ્લાનો રાજપૂત સમાજ કડવા અને લેઉઆ પાટીદાર સમાજ, કડવા પાટીદાર સમાજ, હરીજન સમાજ, બ્રહ્મસમાજ તેમજ રાવલ રબારી સમાજ વિગેરેનાં કાર્યકરો કોંગ્રેસની પડખે રહ્યા છે.

# પાલનપુરમાં ન્યુઝીલેન્ડ-શ્રીલંકાની ક્રિકેટ મેચ પર સટ્ટા બેટીંગ કરતા ૫ નબીરા ઝડપાયા

## ટીવી લેપટોપ, મોબાઈલ, બાઈક, રોકડ સહીત રૂ. એક લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત, રહેણાંક વિસ્તારમાં ચાલતા ક્રિકેટ જુગાર અંગે દરોડાથી સ્થાનિક રહીશો અચંબામાં

પાલનપુર, તા. ૫

પાલનપુર સહિત જિલ્લાભરમાં ચાલતા ક્રિકેટની રમત પર રમાતા જુગારના શોખીનોને કાયદાના સકંજામાં લેવા એસ.પી. અશોક યાદવના આદેશથી આજે જુદી જુદી એજન્સીઓ બનાવી એક સાથે જ શહેરના રહેણાંક વિસ્તાર બિજેશ્વર કોલોનીના ગલી નં. ૪માં આવેલ રહેણાંકમાં ચાલતા ક્રિકેટ સટ્ટો રમાતો હોવાની ચોક્કસ બાતમીના આધારે રેડ કરતા ન્યુઝીલેન્ડ શ્રીલંકા પરની મેચનો સટ્ટો રમાડતા રમતા ૫ સટ્ટોડીયા રંગે હાથ મોડી સાંજે ઝડપાઈ ગયા હતા. આ ક્રિકેટ સટ્ટો રમતા નબીરા અને ઝડપાયેલ મુદ્દામાલ અંગે એલ.સી.બી. એસ.ઓ.જી. પૂર્વ શહેર પોલીસ સુત્રોએ જણાવેલ કે, પાલનપુરના રહેણાંક વિસ્તાર એવા બિજેશ્વર કોલોની ગલી નં. ૪માં રમણલાલ પોપટલાલ રોવલના ઘરમાં આજે રેડ પાડી ન્યુઝીલેન્ડ શ્રીલંકાની ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા રમાડતા લોકોને પોલીસે રંગે હાથ ઝડપી લીધા હતા. ક્રિકેટ મેચ પર સટ્ટો રમતાં રમાડતા રાહુલ નટુભાઈ પઢીયાર રહે. શિવપુર પાલનપુર, યોગેશ મહેશભાઈ મોદી રહે. મહિલા મંડળ પાસે, કલ્પેશ નટવરભાઈ જોષી રહે. બિજેશ્વર કોલોની, ભાવેશ જયંતિલાલ ઠક્કર રહે. ઠક્કરવાસ દિલ્હીગેટ, ભાવેશ રામશંકર મહેશ્વરી રહે. શક્તિનગર ભાગ-૨ વાલાને ટીવી કિંમત રૂ. ૩ હજાર, ટેબલ કિંમત રૂ. ૧૦૦, લેપટોપ કિંમત રૂ. ૩૦ હજાર, મોબાઈલ ફોન નંગ-૧૪ કિંમત રૂ. ૮૭૦૦ મોટરસાયકલ ૨ કિંમત રૂ. ૫૫ હજાર, રોકડ રકમ રૂ. ૧૨૪૬૦ સહિત કુલ રૂ. ૧૯૨૬૦નો મુદ્દામાલ જપ્ત કરી જુગાર ધારા કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓને મુદ્દામાલ સાથે પુર્વ શહેર પોલીસ સ્ટેશને ગુનો નોંધી જુગારીયાઓની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

ક્રિકેટ સટ્ટાની આ રેડમાં પોલીસ તંત્રની જુદી જુદી ટીમોમાં એલસીબી, પીએસઆઈ, બી.કે., ગઢવી, એસઓજી પીએસઆઈ એચ.એમ. ગઢવી, પીએસઆઈ કે.વી. વ્યાસ તથા એલસીબી એસઓજી પોલીસ સ્ટાફ અને પૂર્વ સીટી પોલીસના ડી સ્ટાફે એકત્ર થઈને સફળ રેડ કરતાં જુગારીયાઓને ઝડપી લેતા ક્રિકેટ સટ્ટોડીયાઓમાં ભારે ચકચાર મચી જવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાલનપુરમાં ખુબજ જાણીતા નામચીન ક્રિકેટ સટ્ટાના બુકીઓ હજુ પણ આ કારોબાર બેરોકટોક ચલાવતા હોવાના આક્ષેપો શેહરીજનો કરી રહ્યા છે.

# મહિલા આર્ટસ કોલેજ વિદ્યાનગરી ખાતે યુનિવર્સિટી પરીક્ષા માર્ગદર્શન વર્કશોપ યોજાયો

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે હેમ.ઉ.ગુ. યુનિ. સંલગ્ન અને વિશ્વમંગલમ્ કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટસ કોલેજ, વિદ્યાનગરી ખાતે તા. ૫-૧૧-૨૦૧૨ના રોજ એક દિવસીય યુનિ. પરીક્ષા માર્ગદર્શન વર્કશોપ યોજાયો હતો.

કાર્યક્રમના આરંભે પ્રિ.કે.એલ. પટેલે સૌ વિદ્યાર્થીનીઓ અને વકતાને આવકારી ભૂમિકા રજૂ કરતાં જણાવ્યું કે કોલેજનું ૧૦૦ ટકા પરિણામ આવે છે કે તેનું કારણ સૌને યુનિ. પરીક્ષાનું સંપૂર્ણ માર્ગદર્શન અને પરીક્ષાની તૈયારી માટેનું આયોજન આપવામાં આવે છે. કોલેજ પરીક્ષા સમિતિના કન્વીનર પ્રા. વી.જી. પટેલે ઈન્ટરનલ માર્કસની પધ્ધતિ પર વાત કરી હતી. અને પ્રા. વાય.એચ. પટેલે કોલેજમાં ચાલતા તમામ પેપરની પ્રશ્નોત્તરી દ્વારા વિગતે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમનું સમગ્ર સંચાલન પ્રો. બી.એલ. પટેલે અને આભાર વિધિ પ્રા. આર.એમ. પટેલે કરી હતી. આ કાર્યક્રમમાં કોલેજની તમામ વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળતાને વર્યો હતો. સદર કાર્યક્રમને મંડળના પ્રમુખશ્રી ડી.એલ. પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

## શબ્દાવલી - ૪૮૯૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | ૯ | | |
| ૧૦ | | ■ | ૧૧ | ■ | ૧૨ | | ■ |
| ■ | ૧૩ | ૧૪ | | | ■ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ■ | | ■ | ■ | ૧૮ | ■ | |
| | ■ | ૧૯ | ૨૦ | ■ | ૨૧ | ૨૨ | ■ |
| | ■ | ૨૩ | | ૨૪ | | | ■ |
| ૨૫ | | | ■ | ૨૬ | | | |

**આડી ચાવી**

૧. મૃતદેહ લાવવા લઈ જવાની ગાડી (૫)
૫. શ્વાસ, ઉધરસ (૨)
૭. બળતણ (૩)
૮. તમાશો (તળપદી શબ્દ) (૪)
૧૦. રોમ, રૂવાંડા (૨)
૧૨. ભય, બીક (૨)
૧૩. ભેટ, બક્ષિસ (૪)
૧૫. જડી, મળી (૨)
૧૯. એક જંતુ (૨)
૨૧. લુપ્ત થવું, ... થવું (૨)
૨૩. ભૂલની માફી માગવી તે (૫)
૨૫. રીંગ (૩)
૨૬. એક અભિનેત્રી (૪)

**ઊભી ચાવી**

૧. ભીક્ષા પાત્ર (૩)
૨. શક્તિશાળી (૪)
૩. નિવાસ, રહેઠાણ (૨)
૪. પોતાનું (૨)
૫. 'કમજોર' શબ્દ આડોઅવળો (૪)
૬. હથિયારની અણી (૨)
૯. ગેડ, સળ (૨)
૧૧. ઓછું, સ્હેજ (૨)
૧૪. જન્મકુંડળી (૫)
૧૬. લપસણું, સુંવાળું (૨)
૧૭. આહ્વાન (૪)
૧૮. વિવેચન, ટીકા (૪)
૨૦. પુચકારવું (૨)
૨૨. ફરજિયાત સંબંધ નિભાવવો, ... પડવો (૩)
૨૪. મૈત્રી, દોસ્તી (૨)

### શબ્દાવલી ૪૮૮૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) સબમરીન (૫) કાબા (૬) નેસ (૭) ફંડફાળો (૮) સડવુ (૯) તપ (૧૧) તરંગ (૧૩) કરોડ (૧૪) ઝાડ (૧૫) સોડા (૧૬) ચાડ (૧૭) ચસકો (૧૮) નવુનકોર (૨૦) નથ (૨૨) ભરવાડ

**ઊભી ચાવી :-** (૧) સનેપાત (૨) બસ (૩) રીફંડ (૪) નડવું (૫) કાળોતરો (૮) સગડ (૧૦) પડતી (૧૨) રંઝાડવું (૧૩) કડાકો (૧૫) સોંસરવા (૧૬) ચાનક (૧૭) ચકોર (૧૯) નભ (૨૧) થડો